# શ્રી રાઈ પ્રતિક્રમણની ભાવનાઓ:-

**(૧) 'કુસુમિણ'ના કાઉસ્સગ પછી:-** હે નાથ! રાત્રે કુસ્વપ્ન દરમ્યાન ચતુર્થવ્રતની ખંડના-વિરાધના થઈ હોય. કે દુ:સ્વપ્ન દરમ્યાન રાગ, દ્વેષ, મોહ, અજ્ઞાનને આધિન થઈ પંચ પરમે-ભગવંતોની આશાતના કરી હોય, આજ્ઞાની વિરાધના કરી હોય, અવિનય- અભક્તિ કર્યા હોય, છએ જીવ નિકાયની હિંસા કરી હોય, અઢારે પાપ સ્થાનક સેવ્યાં હોય, લીધેલાં વ્રતોની ખંડના-વિરાધના થઈ હોય, પુદ્ગલના રાગને આધિન થઈ જીવો સાથે મંદ-તીવ્ર કષાવ્ય ભાવે કે નિર્ધ્વંસ પરિણામે મ.વ.કા.થી વર્ત્યો હોઉં, આદિ સર્વ દુષ્ટ પ્રવૃત્તિ બદલ મ.વ. કાયાએ કરી અંત: કરણપૂર્વક મિચ્છામિ દુકકડમ્ દઉં છું. મારા સર્વ અપરાધોની ક્ષમા આપો. એ સર્વ પાપો નાશ પામો- છેવટે એના અનુબંધ નાશ પામો, જેથી તે ઉદયમાં આવે ત્યારે સમતાભાવે વેદી મારા નિષ્પાપ સ્વરૂપને પામું.

**(૨) ચૈત્યવંદન-જગચિંતામણી:-** હે વિહરમાન જગનાથ, જગગુરૂ શ્રી સીમંધર, આદિ વીસ તીર્થંકર ભગવંતો તથા બે હજાર ક્રોડ કેવળી ભગવંતો તેમજ ત્રણે કાળના અનંતા તીર્થંકર ભગવંતો તથા કેવળી ભગવંતો- આપ સૌને અત્યંત ભક્તિભાવથી મારા નમસ્કાર હો! નમસ્કાર હો! નિરંતર આપનું અને આપશ્રીની આજ્ઞાનું શરણ હો! જાણે-અજાણ્યે કે પ્રમાદથી આપશ્રીની કોઈ પણ જાતની આશાતના, આદિ થયાં હોય તે સવિ મ.વ. કાયાએ કરી મિચ્છામિ દુકકડમ, વારંવાર મિચ્છામિ દુકકડમ્ મારા સર્વ અપરાધો ક્ષમશો.

**(૩) ભરહેસરની સજ્ઝાય પછી:-** હે શ્રી ભરત મહારાજા આદિ મહાત્માઓ તથા શ્રી સુલસાશ્રીજી આદિ મહાસતીઓ, તથા એવા અનંતા મહાત્માઓ કે જેઓ શ્રી જિનાજ્ઞાનું નિરતિચાર પાલન કરીને પોતાના અનંત, અવ્યાબાધ, શાશ્વત, સમાધિસુખને પામ્યા છે, પામી રહ્યા છે, પામશે તે સર્વેને અત્યંત ભકિતભાવથી અનંત કોટી વાર વંદન કરૂં છું તે સર્વ મહાત્માઓની ચરણરજ નિરંતર મારા મસ્તકે હોય! તેમના ઉત્કૃષ્ટ આરાધકભાવ સહિતનાં સદ્નુષ્ઠાનોની હાર્દિક અનુમોદના કરૂં છું વળી તીવ્ર વિષમ સંજોગોમાં પણ શ્રી જિનાજ્ઞાનું નિરતિચાર પાલન કરનાર મહાત્મા ગજસુકુમાર, મુનિ મેતારજજી, મહાત્મા સ્થુલભદ્રજી, આદિની વિશેષ વિશેષ સ્તવના કરૂં છું. એવા મહાત્માઓની સેવા, સુશ્રુષા, વૈયાવચ્ચ તથા આહાર, આદિ દ્વારા ભક્તિ કરવાની સુરૂચિ, સુયોગ, સુશકિત મને પ્રાપ્ત થાઓ, જેથી એમના અનુગ્રહથી કાળક્રમે ઉચ્ચ શ્રાવક દશા, મુનિદશા, કૈવલ્યદશા અને અંતે સિધ્ધ દશાને પામું, અને એક જીવ અવ્યવહાર રાશિમાંથી બહાર આવી, કાળક્રમે શ્રી જિનશાશન પામી, સિધ્ધદશા પામે હું ઋણમુકત થાઉં.

**(૪) ઈચ્છકાર સુહરાઈ:-** હે મારા પરમ ઉપકારી, મુજ અશરણના શરણ, ગુરૂ ભગવંત, પરમ પુજય શ્રી આચાર્ય દેવેશજી! આપના ત્રિયોગ ત્રિકાળ સુખશાતામાં હો! આપશ્રીની સંયમયાત્રા, તપાદિ અનુષ્ઠાનો સર્વે નિરાબાધ હો, નિર્વિઘ્ન હો, સુખપૂર્વક હો. આપશ્રીની સેવા, સુશ્રુષા, વૈયાવચ્ચ અને આહાર-પાણી, આદિ દ્વારા આપની નિરંતર ભકિત કરવાનો અમુલ્ય અવસર મને કયારે પ્રાપ્ત થશે? વળી તે ધન્ય દિવસ કયારે આવશે કે નિષ્કારણ કરૂણાથી આપશ્રીએ પ્રતિબોધેલ શ્રી જિનધર્મના ફળ સ્વરૂપે સ્વ-પરનો ઉત્કૃષ્ટ વિવેક પામી, સંસાર પ્રત્યે તીવ્ર ત્યાગ-વૈરાગ્યનો પરિણામ પ્રગટતાં, આપશ્રીની પાવન નિશ્રામાં દ્રવ્ય-ભાવ સર્વવિરતિ ગ્રહણ કરી, નિરંતર આપશ્રીની સેવા, સુશ્રુષા, વૈયાવચ્ચ, વિશ્રામણા તથા આહાર, આદિથી ભક્તિ કરતાં કરતાં, આપશ્રીની આજ્ઞાઓનું નિરંતર પાલન કરતો, નિરંતર 'તહત્તિ' દ્વારા આપશ્રીની આજ્ઞાથી મારા રોમ રોમ, અસ્થિમિજ્જા, આત્માના પ્રદેશે પ્રદેશ ભાવિત થતાં, હું આપનામય કયારે થઈ જઈશ!

**(૫) રાઈ પડિક્કમણે ઠાઉં? પછી:-** રાત્રિ દરમ્યાન અને ઉપલક્ષણથી આ ભવ અને ભવાંતરમાં પણ અનાદિ મિથ્યાત્વને આધીન થઈ, કુદેવ કુગુરૂ, કુધર્મમાં સત્‌ની ભ્રાંતિને આધીન થઈ ધર્મને નામે અને દેહાત્મબુધ્ધિને આધીન થઈ, ચારે સંજ્ઞાઓને મારો સ્વભાવ માની અને પાંચે ઈંદ્રિયો તથા મનને મારૂ સ્વરૂપ માની તેના સાનુકૂળ ભોગવટામાં સુખની ભ્રાંતિને આધીન *થઈ, જાણે-અજાણ્યે, છદ્મસ્થપણાથી, પ્રમાદથી, સ્વચ્છંદપણાથી,* અનુપયોગ આદિને કારણે જે કંઈ મ.વ. કાયાથી દુષ્ટ પ્રવૃતિ કરી હોય, છ એ જીવ નિકાયના જીવોની હિંસા કરી હોય, અઢારે પાપસ્થાનક સેવ્યાં હોય, લીધેલાં વ્રતોની ખંડના-નિરાધના કરી હોય, પંચાચારના પાલનમાં અતિચાર સેવ્યાં હોય, મોહદશાને આધિન થઈને આર્ત-રૌદ્રધ્યાન સેવ્યાં હોય, પુદ્ગલરાગને આધિન થઈને જીવો સાથે વૈર ભાવે-દ્વેષ ભાવે પરિણમીને એમના દ્રવ્ય ભાવ પ્રાણોને નિર્ધ્વંસપણે દુભવ્યાં હોય કે જીવિતવ્યરહિત કર્યા હોય, આવાં સર્વ પાપો કોઈ પાસે કરાવ્યાં હોય કે કરતાને અનુમોદ્યાં હોય, તે સર્વ પાપોની આત્મસાક્ષીએ સખ્ત નિંદા કરૂં

છું, પંચ પરમોની ભગવંતોની સાક્ષીએ સખ્ત ગર્હા કરૂં છું, તે સર્વથા હેય છે, ત્યાજય જ છે એમ નિશ્ચય કરી તે સર્વ પાપોના વારંવાર તીવ્ર પશ્ચાતાપૂર્વક મિચ્છામિ દુકકડમ્ દઉ છું (૩), જેના ફળરૂપે તે સર્વ પાપો અને તેના સર્વ અનુબંધો નાશ પામો, જેથી જયારે તે ઉદયમાં આવે ત્યારે હે વીર પ્રભુ આપશ્રીની જેમ, મહાત્માશ્રી ગજસુકુમાર, મુનિ શ્રી મેતારજજી, શ્રી ખંધકમુનિ, શ્રી ઢંઢણ અણગાર, મહાત્મા સનતચક્રવર્તી, આદિની જેમ સમતાભાવે વેદી, આઠે કર્મોનો ક્ષય કરી, મારા સિધ્ધ-બુધ્ધ સ્વભાવને, આપશ્રીના અનુગ્રહથી પામું એવી કરૂણા કરો.

**(૬) ઈચ્છામિ ઠામિ કાઉસ્સીગ:-** હે ગુરૂ ભગવંત! અનાદિ અજ્ઞાનથી, અનુપયોગથી કે પ્રમાદથી જ્ઞાન, દર્શન, દેશવિરતિ ચારિત્ર, શ્રુતધર્મ અને સામાયિક વિષયમાં રાત્રિ દરમ્યાન મ.વ. કાયાથી, સૂત્ર વિરૂધ્ધ, માર્ગ (પરંપરા) વિરૂધ્ધ, કલ્પ - (આચાર) વિરૂધ્ધ કે કર્તવ્ય વિરૂધ્ધ જે કંઈ અતિચાર, અનિચ્છનીય એવાં દુષ્ટ ધ્યાન, દુષ્ટ ચિંતન, કે અનાચાર વડે સેવાયા હોય, તે સર્વ દ્વારા બંધાયેલાં સર્વ પાપોની તીવ્ર આલોચના કરૂં છું. તેમજ ત્રણ ગુપ્તિ, પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતરૂપ બાર પ્રકારના શ્રાવકધર્મનો ચાર પ્રકારના કષાયોને વશ થઈ મેં જે દેશથી કે સર્વથી ભંગ કર્યો હોય તે સંબંધી પણ લાગેલાં સર્વ પાપો નિષ્ફળ થાઓ તે બદલ વારંવાર મિચ્છામિ દુકકડમ્, મિચ્છામિ દુકકડમ્.

**સિધ્ધાણં-બુધ્ધાણં પછી:-** શ્રી વીર પ્રભુ, શ્રી નેમિનાથ પ્રભુ પ્રમુખ વર્તમાન ચોવીશે જિનેશ્વર ભગવંત સહિત, હે અનંતા જિનરાજ! પરમ ઉપકારી એવા આપ સર્વેએ નિષ્કારણ કરૂણા કરી, ધર્મતીર્થની સ્થાપના કરી, સમસ્ત લોકાલોકના ભાવોને યથાર્થ પ્રકાશી, જગતના જીવ માત્રને અભયદાન અને ભવ્ય જીવોને અવ્યાબાધ શાશ્વત સુખનો માત્ર બતાવી પરમ ઉપકાર કર્યો છે. તે પરમ નિર્મળ શ્રુતજ્ઞાનને શ્રી ગુરૂ મુખે પામી, સ્વ-પરનો વિવેક કરી, આપશ્રીની આજ્ઞાના આરાધનરૂપે સ. ચારિત્ર સ્વીકારી, પંચાચારનું, અષ્ટપ્રવચનમાતાનું નિરતિચારપણે પાલન કરીને જે મહાત્માઓ સિધ્ધ-બુધ્ધ દશાને પામ્યા છે, તે સર્વેને, તેમની આરાધનાની અનુમોદનાપૂર્વક, અનંત કોટીવાર વંદન કરૂં છું. તે સર્વની ચરણરજ નિરંતર મારી મસ્તકે હો! એમના અનુગ્રહથી હું પણ શ્રી સીમંધરસ્વામીનો પ્રત્યક્ષ યોગ પામી, એમના શ્રીમુખે યથાર્થ બોધ પામી, એમની પાવન નિશ્રામાં, એમની આજ્ઞાના આરાધનરૂપે સ. ચારિત્ર ગ્રહણ કરી, પંચ મહાવ્રત, અષ્ટ પ્રવચન માતા, નવવાડ વિશુધ્ધ બ્રહ્મચર્ય તથા પંચાચાર, આદિનું નિરતિચારપણે પાલન કરતો કરતો, મારા સિધ્ધ-બુધ્ધ, સ્વરૂપને પામું અને એક જીવ અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશીમાં આવી, શ્રી જિનશાસન પામી, કાળક્રમે સિધ્ધ બુધ્ધ સ્વરૂપને પામો.

**(૮) વાંદણા પછી:-** હે પરમ ઉપકારી ગુરૂ ભગવંત! આપશ્રીના ચરણને કરેલા સ્પર્શ વડે આપશ્રીને કંઈ કષ્ટ-દુ:ખ થયું હોય તેની ક્ષમા માગું છું. આપશ્રીને રાત્રી બહુ સુખપૂર્વક પસાર થઈ? આપશ્રીની સંયમયાત્રા સુખરૂપ ચાલે છે ને? મન, ઈંદ્રિયો, આદિ વ્યાકુળતા રહિત છે ને? આ મૂઢ પાપીએ આપશ્રીની રાત્રિ દરમ્યાન જાણયે, અજાણયે, કષાયભાવને આધિન થઈને, મારા મ.વ. કાયાની દુષ્ટ પ્રવૃત્તિ વડે, કોઈ પણ સમયે, તેત્રીસ આશાતનામાંથી જે કોઈ પણ આશાતના કરી હોય, આશ્રીની આજ્ઞાની વિરાધના કરી હોય કે આપશ્રીનો અવિનય કર્યો હોય તે સર્વ મ. વ. કાયાએ કરી મિચ્છામિ દુકકડમ્. એ સર્વ પાપોથી હું પાછો ફરૂં છું, તેની મારા આત્મસાક્ષીએ સખ્ત નિંદા કરૂં છું, આપશ્રીની સાક્ષીએ તે સર્વની અત્યંત ગર્હા કરૂં છું અને એવા મારા દુષ્ટ આત્મભાવને સર્વધા વોસિરાવું છું. આપશ્રી મારા સર્વ અપરાધોની ક્ષમા આપો એ જ વિનંતી.

**(૯) સવ્વસવિ રાઈઅ.. પછી - નં.૫ પ્રમાણે.**

**(૧૦) વંદિત્તુ સૂત્ર પછી.....**

હે શ્રી મહાવીર સ્વામી પ્રમુખ ચોવીશે જિનેશ્વર ભગવંતો! તીર્થ સ્થાપના કરી, અનંતા અનંત ઉપકાર કરનારા આપ સર્વેને અત્યંત ભકિતભાવપૂર્વક કોટી કોટી વંદન કરૂં છું. જે જે જીવો આપશ્રીના શાસનને પામી, આપશ્રીની આજ્ઞા પ્રમાણે વ્રતાદિનું રૂડી રીતે પાલન કરી, પોતાના અનંત અવ્યાબાધ સુખને પામ્યા છે, પામી રહ્યા છે અને પામશે તે સર્વને, એમના આરાધકભાવની અનુમોદના કરતો, અત્યંત બહુમાનપૂર્વક વંદના કરૂં છું. મારા મહત મહત પુણ્યના ઉદયથી હે વીર પ્રભુ! મને આપશ્રીનું પરમ તારક શાસન મળ્યું, આપશ્રીની આજ્ઞામાં રહેલા આત્મજ્ઞાની ગીતાર્થ શ્રી ગુરૂ ભગવંતો મળ્યા કે જેમણે નિષ્કારણ કરૂણા કરી મારામાં વ્યવહાર સમ્યકત્વના પરિણામ પ્રગટાવ્યા, સત્‌દેવ- સત્‌ધર્મ- સદ્‌ગુરૂનું સ્વરૂપ સમજાવી એમનો આશ્રય કરાવ્યો અને સ્વપરનો વિવેક કરાવી, સ્વ. સ્વરૂપની પ્રતીતિ, અનુભૂતિ અને પ્રાપ્તિ માટે સર્વવિરતિને ધારણ કરવાને અસમર્થ એવા મને દેશ વિરતિનાં મારી શક્તિ પ્રમાણે વ્રતો ઉચ્ચરાવી, મારા પર અત્યંત કરૂણા કરી. તે વ્રતોના પાલનમાં જે કંઈ ખંડના-

વિરાધના થયાં હોય તે સવિ. મ.વ. કાયાએ કરી મિચ્છામિ દુકકડમ્ હે નાથ! હવે કરૂણા કરો કે કાળક્રમે હું સર્વવિરતિને પામી સર્વસંવરને પામું.

**(૧૧) અબ્ભુટ્ઠિઓ પછી:-** હે ગુરૂ ભગવંત અનંત અનંત ઉપકારી એવા આપશ્રીની જાણ્યે - અજાણ્યે ગયા અહોરાત્ર દરમ્યાન, જે કોઈ આશાતના- વિરાધના-અવિનય- અભકિત, સુક્ષ્મ કે બાદર, જાણ્યે-અજાણ્યે કર્યાં હોય, કરાવ્યાં હોય કે અનુમોદ્યાં હોય તે સવિ મ.વ. કાયાએ કરી મિચ્છામિ દુકકડમ્ મારા સર્વ અપરાધોની ક્ષમા આપશોજી.

**(૧૨) આયરિય ઉવજ્ઝાએ પછી:-** અઢી દ્વીપમાં રહેલા, કોઈ પણ કુલ કે ગણના સર્વ આચાર્ય, ઉપાધ્યાય, મુનિ ભગવંતો અને સાધર્મિકોની, આ જન્મમાં કે જન્માંતરમાં પણ મારા જીવે મિથ્યાત્વના ઉદયથી કષાયભાભાવને આધિન થઈ, જે કોઈ આશાતના, વિરાધના, અભક્તિ કે અવિનય આદિ કર્યાં હોય, કરાવ્યાં હોય કે અનુમોધાં હોય તે સર્વ દુષ્કૃત્યોની, મારા મસ્તકે હાથ જોડીને, હું ત્રિવિધે ક્ષમા માગું છું અને તે સર્વે ને હું પણ ક્ષમા આપું છું. મારાં તે સર્વ પાપો મિથ્યા થાઓ. હવે મારામાં સમ્યકૃત્યનાં એવા ઉત્કૃષ્ટ પરિણામ પ્રગટો કે તે સર્વ મહાત્માઓની ઉત્કૃષ્ટ સેવા, સુશ્રુષા, વૈયાવચ્ચ કરવા વાળો થાઉં, એવા સુપાત્રોની આહાર, આદિ નવધા ભકિત કરવાની સુરૂચિ, સુયોગ, સુશક્તિ મને પ્રાપ્ત થાઓ જેથી એમના અનુગ્રહથી કાળક્રમે ઉત્કટ શ્રાવક દશા, મુનિ દશા, કેવલ્યદશા અને અંતે સિધ્ધ દશાને પામું.

વળી અનાદિકાળથી આજ સમય પર્યંત, ૮૪ લાખ જીવયોનિમાં રહેલા જીવોમાંથી કોઈ પણ જીવ પ્રત્યે મેં અનાદિ મિથ્યાત્વને આધીન થઈ ધર્મને નામે કે પરપદાર્થમાં માનેલ સુખના માટે થઈને જે કોઈ રીતે જિનાજ્ઞા વિરૂધ્ધ, મ.વ. કાયાથી પ્રવૃત્તિ કરી. કરાવી કે અનુમોદી હોય, તેમની જે કોઈ રીતે આશાતના-વિરાધના-અવિનય-અભક્તિ કર્યા હોય, તેમના દ્રવ્ય-ભાવ પ્રાણ સંતાવ્યા હોય કે જીવિતવ્યરહિત કર્યા હોય તે સવિ મ.વ. કાયાએ કરી મિચ્છામિ દુકકડમ્, વારંવાર હૃદયપૂર્વકના મિ. દુકકડમ્ હવે મારે જગતના સર્વ જીવો સાથે મૈત્રીભાવ હો, તેમના હિતની નિરંતર ચિંતા હો; તેમના ગુણો અને સુખ પ્રત્યે અનાદિની અસૂયાના બદલે પ્રમોદભાવ હો; તેમના દુઃખ અને દુર્ભાગ્ય પ્રત્યે સુક્ષ્મ રાજીપાના બદલે હૃદયપૂર્વકનાં દ્રવ્ય-ભાવ કરૂણા હો- તેઓ વહેલામાં વહેલી તકે શ્રી જિનશાસન પામી, આરાધી અનંત અવ્યાબાધ સુખને પામો; તેમજ જગતના કોઈ પણ દોષિત જીવ પ્રત્યે કે મારા અપકારી પ્રત્યે પણ, કોઈ પણ પ્રકારે તુચ્છભાવ, તિરસ્કારભાવ, વૈરભાવ કે દુર્ભાવ ન હો, પણ નિરંતર તેવા કર્માધીન જીવો પ્રત્યે મૈત્રી કરૂણાભાવ સહિત લમાધ્યસ્થભાવ હો પ્રભુ! તેમને સદ્બુધ્ધિ આપો કે તે જીવો વહેલામાં વહેલી તકે જિનાજ્ઞાની વિરાધનાથી પાછા ફરી, આરાધનામાં ઉજમાળ થઈ પોતાના સહજ સ્વભાવને પામે ટૂંકમાં સર્વ જીવ પ્રત્યે વ્યવહારમાં, આચરણમાં આત્મસમદર્શીત્વ ભાવ હો અને શ્રધ્ધાનમાં પરમાત્મસમદર્શીત્વ ભાવ નિરંતર હો!

**(૧૩) તપચિંતવણીના કાઉસ્સગ્ગ પાર્યા પછી - (૧૬ નવકાર):-** હે વીર પ્રભુ! સાડા બાર બાર વર્ષ સુધી બાહ્ય અભ્યંતર તપમાં ઉત્કૃષ્ટ વીર્ય ફોરવનાર, આપશ્રીને અત્યંત ભક્તિપૂર્વક વંદન કરવા પૂર્વક, તે સર્વ તપાનુષ્ઠાનની હું હાર્દિક અનુમોદના કરૂં છું. આપને ધન્ય હો! અનંત કોટીવાર ધન્ય હો! તે દ્વારા ચારે ઘાતીકર્મનો ક્ષય કરી, અમ પામરજીવોના કલ્યાણાર્થે, અત્યંત કરૂણા કરી ધર્મતીર્થની સ્થાપના કરી, આયુષ્ય અંતે અણાહારીપદ પામીને અમને સતામાં રહેલા અમારા તે પદનું ભાન કરાવી, તેની પ્રાપ્તિ માટે માર્ગ બતાવનાર પરમ ઉપકારી એવા આપશ્રીને અનંત કોટી વાર વંદન કરૂં છું. તે પદ પામવા તમારી શરણે આવ્યો છું. તે માટે બાહ્ય-અભ્યંતર તપમાં ઉત્કૃષ્ટ વીર્ય ફોરવું એવી રૂચિ અને શક્તિ, આપશ્રીના અનુગ્રહથી મને પ્રાપ્ત થાઓ. બાહ્યતપમાં મેં... પચ્ચક્ખાણ ધાર્યું છે અને અભ્યંતર તપ માટે ૧૬ નવકારનો કાઉસ્સગ્ગ કર્યો છે. તેના પરિણામે મારામાં ઉત્કૃષ્ટ દ્રવ્ય-ભાવ સંકોચરૂપ નમસ્કારભાવ પ્રગટો દ્રવ્ય સંકોચરૂપે પંચ પરમે. ભગવંતોને મ.વ. કાયાથી નિરંતર નમસ્કાર હો. ભાવસંકોચ રૂપે, ચતુ:શરણના સ્વીકાર, દુષ્કૃત્યોની ગર્હા, સુકૃતની અનુમોદના, જીવ માત્રને ખમવા ખમાવવાપૂર્વક મૈત્રી, આદિ ચારે ભાવ અને જીવ માત્રના કલ્યાણની ભાવનાસહ પંચ પરમે-ભગવંતોની આજ્ઞાનું નિરતિચાર પાલન મ.વ. કાયાથી હો! ''આણાય ધમ્મો, આણાય તવો'' રૂપે સર્વથા આશ્રવની નિવૃત્તિ અને સંવર-નિર્જરામાં પ્રવૃત્તિ હો! આ પ્રમાણે પંચપરમે ભગવંતોને કરેલા નમસ્કાર દ્વારા ભવાંતરે શ્રી સીમંધર સ્વામિનો સાક્ષાત યોગ પામી, એમની નિશ્રામાં સર્વવિરતિ ધારણ કરી, તેમની આજ્ઞાનું સર્વાંગીણ પાલન કરતાં કરતાં મારા સર્વ પાપનો નાશ થાઓ અને સત્તામાં રહેલું મારૂ સિધ્ધ પદ- અણાહારી પદ વહેલી તકે પ્રગટો, એ જ હૃદયપૂર્વકની

પ્રાર્થના હો!

**(૧૪) તીર્થવંદના:-** ત્રણે લોકમાં રહેલા સર્વતીર્થો અને તેમાં રહેલાં સર્વ જિનબિંબોને અત્યંત ભક્તિ ભાવથી નમસ્કાર કરૂં છું. વિહરમાન વીસ તીર્થંકર ભગવંતો તેમજ અઢીદ્વીપમાં રહેલા, મારા પરમ ઉપકારી ગુરૂ ભગવંત પ્રમુખ પંચાચારના પાલક અને પલાવક સર્વ ગુરૂ ભગવંતોના ગુણગ્રામ કરતો, એમના અનુગ્રહથી ભવસાગરને તરી જાઉં એવી કરૂણા કરો.

**(૧૩) અઢાઈજ્જેસુ પછી:-** અઢી દ્વીપ અને પંદર કર્મભૂમિમાં રહેલા સર્વ મુનિ ભગવંતો કે જેઓ પંચ મહાવ્રત, અઢાર હજાર શીલાંગો અને પંચાચારનું નિરતિચારપણે પાલન કરી રહ્યા છે તે સર્વને અત્યંત ભક્તિભાવથી, મ.વ. કાયાએ કરી, શિર નમાવી વંદન કરૂં છું. એવા મુનિવરોની સેવા-સુશ્રુષા- વૈયાવચ્ચ કરવા દ્વારા હું ઉત્કૃષ્ટ શ્રાવકદશા- મુનિદશા- કૈવલ્યદશા- સિધ્ધ દશા પામું અને એક જીવ અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં આવી, શ્રી જિનશાન પામી, કાળક્રમે સિધ્ધ-બુધ્ધ સ્વરૂપને પામો, પરંપરાએ અનંતા જીવો સિધ્ધ દશાને પામો.

**(૧૬) કલ્લાણકંદની છેલ્લી થોય પછી:-** હે સરસ્વતિ દેવી- વાગેશ્વરી દેવી! ધન્ય છે આપની જિનભક્તિને, શ્રુતભક્તિને, નિર્મળ સમ્યક્ત્વને અને શ્રી જિનશાસનના આરાધકોને સમાધિ-બોધિમાં સહાય કરવાની રૂડી ભાવનાને! આપને બહુમાનપૂર્વક વંદન કરૂં છું. મને પણ સમાધિ-બોધિમાં સહાય કરો, સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિ કરાવો, જેથી સ. ચારિત્ર ગ્રહણ કરી, કાળક્રમે યથાખ્યાત ચારિત્ર પામુ.

**(૧૭) શ્રી સીમંધર સ્વામિનું ચૈત્યવંદન:-**

**શ્રી સીમંધર જગધણી (-મમધણી),**
**આ ભરતે આવો (-મુજ હૃદયમંદિરે પધારો);**
**કરૂણાવંત કરૂણા કરી,**
**અમને વંદાવો (મુજને વંદાવો- મારા હૃદયમાં આપશ્રી**
**પ્રત્યે સંપૂર્ણ શરણાગતિ ભાવ પ્રગટાવો).**
**સકળ ભકત તુમે ધણી,**
**જો હોવે અમ નાથ (- આપ મારા સ્વામી**
**હો, હું તમારો દાસ છું.)**
**ભવોભવ હું છું તાહરો નહિ**
**મેલું હવે સાથ. (તમારો સાથ છોડીશ નહિ એ**
**નિશ્ચે માનજો. કબ્જે આવ્યા હવે કેમ છોડું?)**

સયલ સંગ છંડી કરી, ચારિત્ર લઈશું;
પાય તુમારા સેવીને, શિવરમાની વરીશું... હે નાથ! ઉપર પ્રમાણે મારાં સર્વ પાપોને આલોવતો, નિંદતો, ગર્હતો આપને શરણે આવ્યો છું. હે પ્રભુ! હવે કરૂણા કરો કે જેથી ઉત્કૃષ્ટ સમાધિપૂર્વક દેહ છોડી, આવતા ભવમાં આપશ્રીનો પ્રત્યક્ષ યોગ પામી, આપશ્રીની નિશ્રામાં આવી, આપશ્રીના શ્રીમુખે યથાર્થ બોધ પામી, સ્વ. પરનો વિવેક પામી, તીવ્ર ત્યાગ-વૈરાગ્યનાં પરિણામ પ્રગટતાં, આપશ્રીની પાવન નિશ્રામાં, આપશ્રીની આજ્ઞારૂપે દ્રવ્ય-ભાવ સર્વ વિરતિ ધારણ કરી, પાંચ મહાવ્રત, અષ્ટ પ્રવચન માતા, નવવાડ વિશુધ બ્રહ્મચર્ય અને પંચાચારનું નિરતિચારપણે પાલન કરતો, આઠે કર્મનો ક્ષય કરી, મારા અનંત અવ્યાબાધ સમાધિસુખને પામું. તેમ થતાં એક જીવ અવ્યવહાર રાશિમાંથી બહાર આવીને, શ્રી જિનશાસન પામી, કાળક્રમે પોતાના સિધ્ધસ્વરૂપને પામો, પરંપરાએ અનંતા જીવો એ દશાને પામો. હું સર્વથા ઋણમુકત થાઉં એ જ એક માત્ર અભિલાષા.

**ૐ શાંતિ: શાંતિ: શાંતિ:**